**ગૃહ વિભાગ**

**ગુજરાત સરકાર**

**પરિપત્ર ક્રમાંકઃજલક-૮૮૨૦૧૦-HC-૨૧-જ**

**સચિવાલય, ગાંધીનગર.**

**તારીખઃ૧૧/૦૫/૨૦૧૦**

**સંદર્ભ :** નામદાર ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદની ક્રિમીનલ અપીલ નં.૧૪૮૮/૨૦૦૯માં ક્રિમીનલ મીસે. એપ્લી.નં.૪૫૨૦/૨૦૧૦માં તા.૦૪/૦૫/૨૦૧૦નો મૌખિક હુકમ

**પરિપત્ર :**

રાજયની જુદી જુદી જેલોના કેદીઓને ગંભીર પ્રકારની બિમારી/આકસ્મિક માંદગી અંગે સંબંધિત જેલો ખાતે તબીબી સારવાર ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં સંબંધિત સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઇ જવાની જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે જે તે જેલ અધિક્ષકશ્રી દ્વારા સંબંધિત પોલીસ સત્તાધિકારીઓ સમક્ષ પોલીસ જાપ્તાની માંગણી કરવામાં આવે છે. કયારેક સંબંધિત પોલીસ સત્તાધિકારીઓ દ્વારા પોલીસ જાપ્તો પૂરો નહીં પાડવાને કારણે કેદીને સારવાર ઉપલબ્ધ કરાવવા માટે નહીં લઇ જવાથી ગંભીર બિમારીથી પીડાતા હોય તેવા અને આકસ્મિક સારવારના કિસ્સામાં કેદીઓને યોગ્ય સમયે સારવાર નહીં મળવાને કારણે વિપરીત સંજોગો ઉભા થતા હોય છે.

૨. તાજેતરમાં વડોદરા મધ્યસ્થ જેલના એક કેદીને પોલીસ જાપ્તો ઉપલબ્ધ નહીં થવાથી ડાયાલીસીસની સારવાર માટે સમયસર નહીં લઇ જવાના પરિણામે નામદાર હાઇકોર્ટમાં સંદર્ભમાં દર્શાવેલ પીટીશન સંદર્ભે કેદીઓ પ્રત્યે અમાનવીય વર્તન તેમજ તેના પરિણામ અંગે રાજય સરકાર જવાબદાર ગણાશે તેવું નિર્દેશન આપવામાં આવેલ છે. આવી પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તેમજ ગંભીર પ્રકારના દર્દથી પીડાતા અને આકસ્મિક સારવાર માટેના કેદીઓને સમયસર અને યોગ્ય સારવાર તાત્કાલિક ઉપલબ્ધ થાય તે માટે સંબંધિત પોલીસ સત્તાધિકારીઓ દ્વારા તાત્કાલિક પોલીસ જાપ્તો જેલ અધિક્ષકશ્રીઓની માંગણી અનુસાર સમયસર પૂરો પાડવામાં આવે તે જોવા આથી સૂચના આપવામાં આવે છે.

3. વધુમાં, જેલ અધિક્ષકશ્રીઓએ પણ ગંભીર પ્રકારના કેસોમાં અને આકસ્મિક સારવારના કિસ્સામાં તકેદારી રાખી સંબંધિત પોલીસ સત્તાધિકારીઓ સમક્ષ ગંભીર પ્રકારના અને આકસ્મિક સારવારના કેસો અંગે તે બાબતના સ્પષ્ટ ઉલ્લેખ સાથે પોલીસ જાપ્તાની માંગણી કરવામાં આવે તે મુજબની કાર્યવાહી કરવા પણ આથી સૂચના આપવામાં આવે છે. જરૂર જણાયે આ અંગે સંબંધિત કચેરી/અધિકારીનો રૂબરૂ પરામર્શ કરવાની કાર્યવાહી કરવા પણ આથી સૂચના આપવામાં આવે છે.

૪. ઉપરોકત સૂચનાઓના અમલીકરણમાં ચૂક થયેથી સંબંધિત જવાબદાર અધિકારી/કર્મચારી સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે જેની પણ સર્વે સંબંધિતોને નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(મનોજ પટેલ)**
ઉપ સચિવ
ગૃહ વિભાગ

**પ્રતિ,**

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુ.રા. અમદાવાદ
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ/સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ**(પો.મહા અને મુ.પો.અધિ.શ્રી મારફતે)**

/૨/

- અધિક્ષકશ્રી, મધ્યસ્થ જેલ, અમદાવાદ/વડોદરા **(જે.ઇ.જ.શ્રી મારફતે)**
- અધિક્ષકશ્રી, ખાસ જેલ, પોરબંદર / પાલારા(ભુજ) - **(જે.ઇ.જ.શ્રી મારફતે)**
- સર્વે અધિક્ષકશ્રી, જિલ્લા જેલ સુરત, ભાવનગર, જામનગર, જુનાગઢ, રાજકોટ, અમરેલી ઓપન જેલ, નડિયાદ - **(જે.ઇ.જ.શ્રી મારફતે)**
- સર્વે અધિક્ષકશ્રી, સબ જેલ મોરબી, ગોંડલ, છોટા ઉદેપુર, મોડાસા, હિંમતનગર, રાજપીપળા, નવસારી, ભરૂચ, પાલનપુર, મહેસાણા, સુરેન્દ્રનગર, ગોધરા, અમરેલી - **(જે.ઇ.જ.શ્રી મારફતે)**
- ગૃહ વિભાગના સર્વે અધિક સચિવશ્રી/નાયબ સચિવશ્રીઓ તથા ઉપ સચિવશ્રીઓ
- સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ